# ધાનેરામાં ધમધમતા જુગારધામોથી પ્રજાજનો ત્રસ્ત, પોલીસ-બુટલેગરો મસ્ત

બનાસકાંઠા જિલ્લાના સરહદી એવા ધાનેરામાં ઘણા સમયથી અનેક પ્રકારની દુષ્પ્રવૃત્તિનો ગ્રાફ સડસડાટ આગળ વધી રહ્યો છે. આ બે નંબરીયા



બુટેલેગરોને પોલીસનો કોઈ જ પ્રકારનો જાણે ડર નથી.

ધાનેરાના મોટાભાગના જાહેર વિસ્તારો જેવાકે બસસ્ટેન્ડ, ડીસા રોડ, મધુસુન પ્લાઝા પાછળ વિગેરે અનેક વિસ્તારોમાં ગંજીપાના આંખ ફરક અને વરલી મટકાના જુગારધામો છેલ્લા ઘણા સમયથી ધમધમતા બનતાં ધાનેરાના ગરીબ-મધ્યમ વર્ગના પરિવારોની મહિલાઓની હાલત ભારે કફોડી બની છે.

જુગારની કહેવત છે કે 'હાર્યો જુગારી બમણો રમે' તે મુજબ નજીવી લાલચમાં આખો દિવસ મજૂરી કરીને લાવેલા રૂપીયા જુગારના અડ્ડા પર જુગારી હારી જતાં ખાલી હાથે ઘેર જતાં તેની મા-પત્ની ભારે નિસાસા નાંખી ઘરના સભ્યો જે રોજ કમાઈને રોજ ખાતા (પેટનો ખાડો) પૂરતા હોય છે. તે પરિવારની હાલત કફોડી બની છે. ત્યારે બીજી બાજુ મધ્યમ વર્ગના જુવાનીયા કે મોટેરા જુગારની જાળમાં ફસાઈ અનેક પ્રકારના દેવાના ડુંગર નીચે ધરબાઈ રહ્યા છે.

જુગારધામના સંચાલકો પોલીસ અધિ. અને તેમના વહિવટદારો સાથે મસમોટી રકમના હપ્તા આપી ધાનેરા પંથકમાં બિન્દાસ્તપણે મનમાની કરી રહ્યા છે.

અમારા પ્રતિનિધિએ આ જુગાર ધામોની કેટલીક તસવીરો પણ લીધી છે. પણ આ બુટલેગરો ખુલ્લેઆ જુગારધામો ચલાવી રહ્યા છે. અનેક નિર્દોષ પરિવારો પોલીસ અને બુટલેગરો સામે ભારે આક્રોશ ઠાલવી બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજર તાકીદે આ જુગારધામો અને અન્ય બદીઓ દેશી-વિદેશી દારૂ, છેતરપીંડી, ઠગાઈ, ચોરી જેવી બદીઓ પ્રત્યે લાલ આંખ કરતે તેમ અપેક્ષા રાખી રહ્યા છે.



ધાનેરા શહેમરાં ધમધમતા જુગારધામો, દારૂના પીઠા, હાટડીઓ સામે સ્થાનિક પોલીસનું મૌન અનેક શંકા કુશંકા પ્રસરાવે છે. એસ.પી. તાકીદે આ અંગે પગલા લે તે ઈચ્છનીય છે.

# ૧૦૦ કરોડથી વધુનો ચૂનો લગાવનાર અર્બુદા ક્રેડીટ-અપની ક્રેડીટના સંચાલકો કેન્દ્રીય મંત્રીઓ સાથે નીકટનો નાતો ધરાવે છે : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૯

અર્બુદા ક્રેડીટ-અપની ક્રેડીટના નામે ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, વિરમગામ, સાણંદ વિસ્તારના ૪૦ હજારથી વધુ સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો સાથે છેતરપીંડી આચરનાર સંચાલકો ભાજપના પદાધિકારી અને સીધા લાભાર્થી છે. ગુજરાતમાં આર્થિક કૌભાંડીઓને રાજકીય આશ્રય મળતો હોવાને કારણે અનેક કિસ્સાઓમાં ગુનેગારોને કોઈ સજા થતી નથી.

છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાત આર્થિક ગુનાઓમાં વાયબ્રન્ટ ગુજરાત-ગતિશીલ ગુજરાત-પ્રગતિશીલ ગુજરાત બન્યું હોવાનો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, અર્બુદા ક્રેડીટ-અપની ક્રેડીટના સંચાલકો રાકેશ અગ્રવાલ અને તેના પરિવારજનોએ ઊંચા વ્યાજની વિવિધ બચત યોજના-લોભામણી જાહેરાતો દ્વારા ઉત્તર ગુજરાતના અને અમદાવાદ જિલ્લામાં ૪૦ હજારથી વધુ રોકાણકારો સાથે રૂ. ૧૦૦ કરોડથી વધુની છેતરપીંડી કરી છે. અર્બુદા ક્રેડીટ-અપની ક્રેડીટનાં સચાલકોનો ભાઈ રીન્કુ અગ્રવાલ માઉન્ટ આબુમાં વોર્ડ નં. ૯નો ભાજપ પક્ષનો કોર્પોરેટર છે.

મુખ્ય સંચાલક રાકેશ અગ્રવાલના કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા સહિત ભાજપના અગ્રણીઓ સાથે નીકટનો નાતો ધરાવતો હોવાના ફોટોગ્રાફ્સ હાલ જાહેર થઈ રહ્યા છે. સાથોસાથ રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે સાથે પણ ઓળખાણ હોવાનો પણ સંચાલકો દાવો કરી રહ્યા છે. અને આ દાવાને પુષ્ટિ મળે છે. કારણ કે છેલ્લા ૧૫ દિવસથી ફુલેકુ ફેરવનાર અર્બુદા ક્રેડીટ-અપની ક્રેડીટના સંચાલકો પર કોઈ પગલાં ભરાતા નથી.

ગુજરાત વિવિધ પોલીસ સ્ટેશનોમાં અર્બુદા ક્રેડીટ-અપની ક્રેડીટના સંચાલકો વિરૂદ્ધ ફરિયાદો નોંધાઈ હોવા છતાં રાજસ્થાનની ભાજપ સરકાર તેમના સાથીદાર રાકેશ અગ્રવાલ અને તેના પરિવારજનોને બચાવી રહ્યા છે. રાકેશ અગ્રવાલ ભાજપના સહકાર સેલના અગત્યના પદાધિકારી છે.

ઉત્તર ગુજરાત, સુરત, વડોદરા, રાજકોટ સહિતના શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં લાખો રૂપિયાના ફુલેકા ફેરવવાની કામગીરી આજે રોજબરોજની ઘટના બની ગઈ છે. રાજ્ય સરકારની આર્થિક ગુના નિવારણ શાખા કે પછી ક્રાઈમ બ્રાન્ચમાં તો ઘણા બધા કિસ્સાઓમાં તો ગુના જ નોંધવામાં આવતા નથી.

'એક કા તીન' મોડ્સ ઓપરેન્ડી હેઠળ ગુજરાતમાં અનેક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આર્થિક ગુનેગારો-કૌભાંડીઓ બેફામ બનીને નીતનવી સ્કીમો ચલાવે છે. સામાન્ય અને મધ્યમ વર્ગના જરૂરિયાતમંદ આવી સ્કીમોનો સીધો ભોગ બનતા હોય છે. ગુજરાતમાં આજે આર્થિક ગુનેગારોએ માઝા મુકી છે.

## આ પણ વાંચીએ...

### ૯૪ ટકા પાણીથી ઢંકાયેલો 'જિલ એન્ડિયા' બનશે વિશ્વનો આઠમો મહાદ્વીપ

એશિયા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, એન્ટાર્ટિકા, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને યુરોપ જેવા સાત મહાદ્વિપો આ પૃથ્વી પર આવેલા છે એવુ આપણે વર્ષોથી ભણતા આવ્યા છીએ પરંતુ હવે આઠમા મહા દ્વિપનો સમાવેશ પણ થાય તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. 'જીઓ એન્ડિયા' નામનો આ પ્રદેશ દક્ષિણ પશ્ચિમ પેસિફિક ઓશનની નીચે લગભગ સંપૂર્ણ રીતે પાણીથી ઢંકાયેલ ભૂક્ષેત્ર છે. અત્યાર સુધી તેની ઓળખ થઈ ન હતી. તેનું ક્ષેત્રફળ લગભગ ૫૦ લાખ વર્ગ કિલોમીટર છે અને તે ઓસ્ટ્રેલિયાથી બે તૃતીયાંશ બરાબર છે.



### દિલ્હીના ૨૨ વર્ષિય વિદ્યાર્થીને ઉબેરે આપી સવા કરોડના પેકેજની ઓફર

દિલ્હી ટેકનોલોજીકલ યુનિવર્સિટીના બી ટેક (કોમ્પ્યુટર એન્જી.)ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સિદ્ધાર્થને અમેરિકાની કંપની ઉબેરે સવા કરોડના પેકેજની ઓફર કરી છે. સાથે જ કંપની તેમને ચાર વર્ષ સુધી પોતાના શેર પણ આપશે. ઉબેર ટેકનોલોજી કંપની દ્વારા આપવામાં આવેલ ઓફરના કારણે તે રાતોરાત ચર્ચામાં આવી ગયો છે.




### જેલ જતાં બચાવે છે આ માતા

જેલવાસનો યોગ હોય તો રાજસ્થાનના જોલર નજીક આવેલા દિવાક માતાના મંદિરે હથકડી ચઢાવવાની માનતા માની શકાય. પ્રતાપગઢ જિલ્લાના જોલર ગામ નજીક આવેલા ગાઢ જંગલમાં આ મંદિર આવેલુ છે. વર્ષો અગાઉ અહીં ડાકુઓનો દબદબો હતો ત્યારે લૂંટમાં સફળ થવા અને પોલીસથી બચવા માટે ડાકુઓ આ માતાના મંદિરે હથકડીઓ અને સાંકળો ચઢાવતા હતા. બસ ત્યારથી અહીં હથકડીઓ ચઢાવવાની માનતા માનવા હજ્જારો સંખ્યામાં લોકો આવે છે. સગા સંબંધીઓને જેલમાંથી મુક્તિ અપાવવા ઈચ્છતા લોકોની અહીં ભીડ જામે છે.



### સીમલામાં અછબડાનો આતંક : પ્રવાસીઓમાં ફફડાટ

ગુજરાતના પ્રવાસીઓમાં ખુબ જ લોકપ્રિય એવા હીલસ્ટેશન સીમલામાં આજકાલ અછબડાનો વાવર છે. જેના કારણે પ્રવાસીઓમાં ફફડાટ ફેલાયો છે. અહીંની સ્થાનિક હોસ્પિટલમાં દરરોજ અડધો ડઝન બાળકો અછબડાની સારવાર માટે આવી રહ્યા છે. બાળકોમાં આ રોગ ઝડપથી ફેલાતો હોઈ પ્રવાસીઓ પોતાના બાળકોને ખુબ સાચવી રહ્યા છે.



## મોડાસાના શાસ્ત્રી મેદાનમાંથી નવજાત ત્યજી દેવાયેલી બાળકી મળી આવતા હોસ્પિટલ ખસેડાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના રેલવે સ્ટેશનના શાસ્ત્રી મેદાનમાં કચરાના ઢગલામાં નવજાત ત્યજી દેવાયેલી બાળકી તરછોડી દઈ ફરાર થઈ ગયુ હતુ. પસાર થતા લોકોને કચરાના ઢગલામાં કંઈ બાળક જેવુ પડ્યુ હોવાની જાણ થતા નજીક જઈ નીહાળતા ત્યજી દેવાયેલી બાળકી દેખાતા આ ઘટનાથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ત્યજી દેવાયેલી બાળકી જીવીત હોવાની જાણ થતા કેટલાક વ્યક્તિઓ ૧૦૮ ઈમરજન્સી સેવાને ફોન કરવા છતા અડધો કલાક સુધી ન પહોંચતા આ ઘટનાની જાણ લાયન્સ કલબ ઓફ મોડાસાના મંત્રી ભાવેશ જયસ્વાલે તાબડતોડ નવજાત ત્યજી દેવાયેલી બાળકીને સઘન સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. લોકોમાં ૧૦૮ ઈમરજન્સી સેવા તાત્કાલિક ન મળતા ઉગ્ર રોષ ઠાલવ્યો હતો. ફુલ જેવી બાળકીને જનેતાએ પોતાનુ પાપ છુપાવવા કે પછી દીકરી જન્મી હોવાથી શ્રાપ ગણ્યો હોય તેમ ખુલ્લા મેદાનમાં ત્યજી દેવાતા આવી જનેતા પર ફીટકાર વરસાવી હતી. સરકારના ભ્રૂણહત્યા અને બેટી બચાવો બેટી પઢાવો પાછળ સરકારે ખર્ચેલા કરોડો રૂપિયા પાણીમાં વહી ગયા હોય તેવુ આ ઘટનાથી તાદૃશ્ય થયું હતું.



## વેણપુર ગામની સીમમાંથી બટાકાના કોથળાની આડમાં સંતાડીને લવાતો ૭.૨૦ લાખના વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી પોલીસે શનિવારે સાંજના ૭ વાગ્યાના સુમારે વેણપુર ગામની સીમમાંથી બટાકાના કોથળાની આડમાં સંતાડીને લવાતો વિદેશી દારૂ ટેમ્પો ગાડી નં. (એચઆર.૬૭એ. ૪૯૮૫)માંથી ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની પેટીઓ નંગ ૧૨૦ બોટલો નંગ ૧૪૪૦ કિંમત રૂ. ૭,૨૦૦૦૦નો ઝડપી પાડી ટેમ્પોની કિંમત રૂ. ૧૦ લાખ તથા મોબાઈલ નંગ-૨ કિંમત રૂ. ૧૦૦૦, તાડપત્રી રસ્સી નંગ-૧-૧ મળી કુલ ૧૭,૨૨૦૦૦નો મુદ્દામાલ જડપી પાડી જયપાલ ખુશીરામ ચમાર તથા વિજયકુમાર રામસ્વરૂપ પંડિતને ઝડપી પાડી વિદેશી દારૂ ભરી આપનાર કિશન મલીક (રહે. પનીપત, સાંઈ કોલોની હરિયાણા) વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બન્ને આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર આરોપી કિશન મલીકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



અરવલ્લી જિલ્લામાં ભિલોડા ખાતે નવી સિવિલ કોર્ટ ના નવા બિલ્ડિંગનું ભૂમિપૂજન રવિવારે ગુજરાત હાઈકોર્ટના જજ એસ. જી. શાહના હસ્તે જરવામાં આવ્યું હતું આ પ્રસંગે જિલ્લાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ વિક્રમસિંઘ ગોહિલ, ભિલોડા બાર એસોસિયેશન પ્રમુખ રણવીરસિંહ ડાભી અને ધારાશાસ્ત્રીઓ, સ્થાનિક મહાનુભાવો, નાગરિકો વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી બ્રહ્માણી માતાજીના દશાબ્દી મહોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકા ના અનવરપુરા ગામે આવેલ શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે બે દિવસ્ય દશાબ્દી મહોત્સવ યોજાયો હતો જેમાં અનવરપુરા ગામજનો સહિત આજુબાજુના ગામના લોકો પણ બે દિવસ્ય કાર્યક્રમ માં ઉપસ્થિત રહ્યાં. શ્રી બ્રહ્માણી માતાજીનો બે દિવસ્ય દશાબ્દી મહોત્સવ યોજાયો જેમાં પાવડી પૂજા, શોભાયાત્રા, નવચંડી યજ્ઞ સહિત રાસ ગરબા સહિતના કાર્યક્રમમો યોજાયા હતાં. ગામ સહિત આજુબાજુમાં રહેતાં હજારોની સંખ્યામાં ધર્મપ્રેમીઓએ માના દર્શન કરી પ્રસાદ ધન્યતા અનુભવી હતી.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

પ્રતિબંધ મુકવામાં આવેલ છે અને ત્રણ વર્ષની કેદ તથા સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

બેનામી ટ્રાન્ઝેકશન એક્ટને પ્રોહિબીશન એક્ટ ૨૦૧૧ અમલમાં લાવવા માટે સરકાર દ્વારા પગલાઓ લેવામાં આવી રહેલ છે નવા કયદા મુજબ વ્યક્તિ જો આવી મીલ્કત ખરીદવાના પોતાના આવકના સ્રોત જણાવવામાં નિષ્ફળ જાય તો આવી મીલ્કત સીલ કરી જપ્ત કરવાની જોગવાઈ છે પરંતુ પતિ પત્ની કે ભાઈ બહેનના નામે ખરીદાયેલ મીલ્કત તથા હિન્દુ અવિભાજય કુટુંબના વડાની સંપતિને નવા કાયદા મુજબ બેનામી સંપતિના વ્યવહારની વ્યાખ્યામાંથી બહાર રાખવામાં આવેલ છે જેનો લાભ લોકો લેશે તે નક્કી છે.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

જોકે, ૧૧ ફેબ્રુઆરીએ સુભાષ દેસાઈ સાથે આ લખનારે વાત કરી ત્યારે એમણે કહ્યું: 'મુંબઈ મહાનગરપાલિકામાં શિવસેનાનો મેયર બેસશે. પછી પ્રધાનોની વાત.' અગાઉ શિવસેનાના મુખ્યપ્રધાન રહેલા નારાયણ રાણે અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન રહેલા છગન ભુજબળ શિવસેનાથી કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસ ભણી ગતિ કરી ગયા છે. બાળ ઠાકરેના ભત્રીજા રાજ ઠાકરેએ પણ બળવો કરીને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) રચી છે. લોકસભાના સ્પીકર અને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન રહેલા મનોહરપંત જોશી હજુ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેને ભેગા થવા સમજાવી રહ્યા છે. જોકે, આ વખતે ચૂંટણી પરિણામ આવતાં જ (૨૩ ફેબ્રુઆરીએ) સેના અને ભાજપનાં પાણી મપાઈ જશે.

મુંબઈ અને મહારાષ્ટ્રના રાજકારણનાં રચાયેલાં સમીકરણો પછી સત્તારૂઢ ભાજપએ વિકલ્પો તલાશવાની શરૂઆત કરી દીધી છે. ૨૮૮ સભ્યોની વિધાનસભામાં ભાજપની સભ્યસંખ્યા ૧૨૨ છે.એની બહુમતી નથી. ૬૩ સભ્યોવાળી શિવસેનાએ એને ટેકો આપીને સરકારમાં જોડવામાં મોડું કર્યું હતું. હવે સેના નીકળી જાય તો ભાજપ શરદ પવારની ૪૧ સભ્યોવાળી રાષ્ટ્રવાદી કોંગ્રેસના ટેકે ગૃહમાં બહુમતી મેળવી શકે.પણ પાવર વંકાયા છે એટલે હમણાં પવારની સંસ્થાઓની તપાસની શરૂઆત કરીને એમને દબાવવાની કોશિશ થઈ રહી છે.એમના ભત્રીજા અજીતદાદા પાવર નાયબ મુખ્યમંત્રી હતા ત્યારનાં કૌભાંડો એમને પણ અન્ય નાયબ મુખ્ય મંત્રી રહેલા છગન ભુજબળની જેમ જેલવાસી કરી શકે એવા સંકેતો અપાયા પછી પણ પવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર ટીકા કરવાનું ચાલુ રાખ્યું છે.પવાર પરિપક્વ રાજનેતા છે અને કઈ સોગઠી ક્યા?યારે મારવી એ બરાબર જાણે છે.ભાજપની મૂંઝવણ વધી છે છતાં મુંબઈ સહિત રાજ્યની મહાપાલિકાઓ તથા જિલ્લા પરિષદોની ચૂંટણીનાં પરિણામો આવે એની પ્રતીક્ષામાં છે.ગોવા પછી મહારાષ્ટ્રમાં પણ સંઘમાં ફાટફૂટ જોવા મળી હોવાથી ભાજપ હવે કોઈ ઉતાવળિયું પગલું ભારે તો એના માટે આત્મઘાતી લેખાશે. વધુ એક શક્યતાને નકારી શકાય નહીં : ઉત્તર પ્રદેશ અને પંજાબનાં વિધાનસભા પરિણામ ભાજપ માટે ઉત્સાહજનક ના આવે તો પવાર અને ઉદ્ધવ મળીને કળા કરી કોંગ્રેસ(૪૨)ને સાથે લાવે અને ૬૩ + ૪૧ + ૪૨ + અન્ય થાય તો ભાજપની મહારાષ્ટ્ર સરકાર ગબડી શકે.ભાજપના જે નેતા વિદર્ભના દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય મંત્રી થવાથી નારાજ છે એમના પરોક્ષ ટેકાથી શિવસેનાના નેતૃત્વમાં નવી મોરચા સરકાર બની શકે.જોકે મુખ્ય મંત્રી ફડણવીસ ''મારી સરકાર પાંચ વર્ષ પૂરાં કરવાની છે'' એવું ખાતરીપૂર્વક કહેવા માંડ્યા છે એટલે ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે.

- haridesai@gmail.com

## અન્નના બગાડને અટકાવીએ... (બીજા પાનાનું અનુ.)

સમસ્યા સામે લડવા તો સરકારે અસરકારક નીતિ ઘડવી જરૂરી જ છે પરંતુ નાગરિકોએ પણ આ બાબતે વિવેકપૂર્ણ રીતે પોતાની જવાબદારી સમજવી એટલી જ આવશ્યક છે. આપણે ત્યાં અન્નનો સૌથી વધુ બગાડ લગ્ન કે અન્ય પ્રસંગે યોજાતા ભોજન સમારંભોમાં થાય છે, જેમાં મોટે ભાગે નાગરિકોની બેદરકારીભરી આદતો જવાબદાર હોય છે. વળી, હવે ભોજન સમારંભોમાં વાનગીઓની સંખ્યામાં થતો વધારો પણ એટલો જ જવાબદાર છે. હાલમાં પ્રચલિત બુફે પદ્ધતિનો પ્રારંભ આમ તો ભોજનનો બગાડ અટકાવશે તેવુ પ્રતિત થતુ હતુ પરંતુ એ ધારણા મિથ્યા નિવડી છે. આ બુફેમાં અલગ અલગ વાનગીઓ માટે વપરાતી ડિસ્પોઝેબલ ડિશ અન્નનો વેડફાટ વધારે છે. આ સમસ્યાને કાબૂમાં લેવા સૌથી પહેલા તો દરેક વાનગી માટે જુદી જુદી ડિશના બદલે એક જ ડિશના ઉપયોગનો આગ્રહ રખાય છે તે જરૂરી છે જેથી જે વાનગી ખાવી હોય તેટલા પ્રમાણમાં જ લેવાય અને નાહકની ડસ્ટબીન ભરાય નહી.

આ ઉપરાંત બાળકોને ભોજન સમારંભમાં અલગ કાઉન્ટર વ્યવસ્થા કરાય અથવા મા-બાપની સાથે જ જમવાની નૈતિકતા અપનાવાય તે જરૂરી છે. જ્યાં વધુ પડતી આમંત્રિતોની ભીડ થવાની હોય ત્યાં મહેમાનોના ગ્રૂપ પાડી અલગ અલગ ટાઈમ સ્લોટની ફાળવણી કરાય તો અન્નનો બગાડ જરૂર ઓછો થઈ શકે. જેમ કે ૯ થી ૧૨ના ભોજન સમારંભમાં ૯ થી ૯.૩૦, ૯.૩૦ થી ૧૦ એમ અડધા અડધા કલાકના ટાઈમ સ્લોટ પણ રાખી શકાય જેથી ભીડ થાય નહી. આ ઉપરાંત વધેલા ભોજનને રિસાઈકલ કરી ખાતર બનાવવાની પ્રક્રિયા વિકસાવવી પણ આ તબક્કે વિચારવા જેવી છે. અનેક શહેરમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભોજન સમારંભોમાં વધેલુ ભોજન ગરીબોમાં વહેંચવાની સેવા અપાય છે જે ખરેખર પ્રસંશાત્મક છે, આ પ્રવૃતિનો યોગ્ય રીતે વિકાસ કરવો જોઈએ. એકંદરે ભોજનના બગાડની સમસ્યા મહદ્અંશે ભોજન સમારંભના આયોજકો તથા તેમાં જમનારા મહેમાનોની વિવેકપૂર્ણ વર્તણૂંકથી જ દૂર કરી શકાશે.

પ્રતિભાવો આવકાર્ય
Samirtalod@yahoo.com

## ત્રીજા તબક્કામાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

માયાવતી, કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે તેમના પરિવાર સાથે લખનૌમાં મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે અખિલેશ યાદવે સેફાઈમાં મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સવારથી જ તમામ જગ્યાઓએ મતદારો મતદાન કરવા માટે ઉત્સુક દેખાયા હતા. ત્રીજા તબક્કામાં ફરુકાબાદ, હરદોઈ, કન્નોજ, મૈનપુરી, ઈટાવા, ઓરિયા, કાનપુર દેહાત, કાનપુર, ઉન્નાવ, લખનૌ, બારાબંકી અને સીતાપુર જિલ્લામાં સાંજે પાંચ વાગ્યા સુધી ૬૧.૧૬ ટકા મતદાન થયું હતું. આજે ત્રીજા તબક્કામાં મતદાન બાદ તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. ત્રીજા તબક્કામાં ૧૨ જિલ્લાને આવરી લેતી ૬૯ બેઠકો પર મતદાન યોજાયું હતું. આની તમામ તૈયારી કરી લેવામાં આવી હતી. તમામ જગ્યાએ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં કુલ ૮૨૬ ઉમેદવારોના ભાવિનો ફેસલો થનાર છે. આ તમામના ભાવિ આજે ઈવીએમમાં સીલ થયા હતા.

## પરાજય નિશ્ચિત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ ગાયત્રી પ્રજાપતિને લઈને પણ અખિલેશ ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, પ્રજાપતિ પર એફઆઈઆરને લઈને સુપ્રીમ કોર્ટને દરમિયાનગીરી કરવાની ફરજ પડી હતી. મોદીએ ભાષણ દરમિયાન અખિલેશની સાથે ભાજપના કાર્યકરોની પણ વાત કરી હતી. ભાષણ દરમિયાન કાર્યકરોના અતિઉત્સાહમાં નારાબાજીને લઈને મોદીએ તેમને ટોક્યા હતા અને થોડાક સમય સુધી ભાષણને રોકી દેવાની ફરજ પડી હતી. મોદીએ ભાજપના કાર્યકરોને કહ્યું હતું કે, કેમેરાની સામે નારાબાજી કરી રહેલા લોકોના ફોટાઓ આવી ગયા છે જેથી હવે તેઓ પોતાનું નિવેદન આગળ વધારવા ઈચ્છુક છે. અખિલેશ ચૂંટણીની શરૂઆતમાં કહી રહ્યા હતા તે કે, એકલા હાથે જીતશે. હવે કહી રહ્યા છે કે, સમાજવાદી પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવશે. ચૂંટણી રથ ઉપર સવાર એક વ્યક્તિ વિજળીના તારથી ડરી રહ્યા હતા પરંતુ અખિલેશ યાદવ ડરી રહ્યા ન હતા. કારણ કે, તેમને આ અંગે માહિતી હતી કે, તેમાં વિજળી નથી. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ ડુબતી નૌકા તરીકે છે. બંને પાર્ટી એકબીજાને બચાવવાના પ્રયાસમાં છે.

## વચન ખોખલા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. લાઈનમાં ઉભા રહેલા ઘણા લોકોના મોત પણ થઈ ગયા છે. તે વખતે અમારી સરકારે લોકોની મદદ કરી હતી અને પીડિત પરિવારોને બે બે લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. અખિલેશે કહ્યું હતું કે, સરકાર બનાવવા માટેની આ ચૂંટણી છે. દેશની રાજનીતિ પણ નક્કી કરશે. બીજી બાજુ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં ચૂંટણી બાદ મોદી ફરી દિલ્હી પહોંચી જશે અને ૨૦૧૯ સુધી તેઓ યુપીની વાત પણ કરશે નહીં. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસની સરકાર બનનાર છે. મોદીને આ અંગે માહિતી મળી ગઈ છે. જે હાલત બિહારમાં થઈ હતી તે જ હાલત ઉત્તરપ્રદેશમાં પણ થનાર છે. બિહારમાં ચૂંટણી થઈ ત્યારે મોદીએ બિહારમાં આક્રમક પ્રચારમાં ભાગ લીધો હતો. પત્રકારો પણ કહી રહ્યા હતા કે, ભાજપ સપાટો બોલાવશે પરંતુ જ્યારે પરિણામ આવ્યા ત્યારે વડાપ્રધાન તરફથી એક પણ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. આવી જ રીતે ઉત્તરપ્રદેશમાં પણ તેમની આવી જ હાલત થશે. રાહુલે કહ્યું હતું કે, મોદી જ્યાં જાય છે ત્યાં કોઈને કોઈ સંબંધ બનાવી લે છે.

## ક્રિકેટરોની હરાજી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ વખતે ખેલાડીઓની વાતકરવામાં આવે તો બે કરોડની બેઝ પ્રાઈઝ ધરાવનાર ખેલાડીઓ ઉપર તમામની નજર રહેશે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડ બેન સ્ટોકને પ્રથમ વખત આઈપીએલની હરાજીમાં સામેલ કરવામાં આવ્યો છે જ્યારે ઈંગ્લેન્ડના વનડે અને ટ્વેન્ટી ટીમના કેપ્ટન ઈયાન મોર્ગન પાંચ સિઝનમાં રમી ચુક્યો છે તે ૨૦૧૬માં સનરાઈઝ હૈદરાબાદ તરફથી રમ્યો હતો તે પણ બે કરોડની બેઝ પ્રાઈઝ વાળા ખેલાડીઓની યાદીમાં સામેલ છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડ ક્રિસ વોક્સ, ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર મિચેલ જોન્સન, ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર પેટ કમિન્સ, શ્રીલંકાના ઓલરાઉન્ડર એન્જેલો મેથ્યુસ ૨૦૧૭માં બે કરોડની બેઝપ્રાઈઝ વાળા ખેલાડીઓની યાદીમાં સામેલ છે. આ બધા ખેલાડી વર્ષ ૨૦૧૬માં આઈપીએલમાં રમ્યા હતા. આ વખતે અફઘાનિસ્તાનના પાંચ અને યુએઈના એક ખેલાડીઓની બોલી પણ લાગશે.

## અધિકારીઓ નિમાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છવાયો હતો. પરંતુ હજુ તંત્ર વ્યુહરચનાઓ તૈયાર કરવામાં જ વ્યસ્ત હોવાથી લોકોમાં નિરાશા વ્યાપી જવા પામી છે. શહેરમાં સફાઈની એક માત્ર સેવા હોવા છતાં પણ તંત્ર તેની કામગીરીમાં ઉણુ ઉતરી રહ્યુ છે તેથી ઉચ્ચ સત્તાવાળાઓ પણ ચોંકી ઉઠ્યા છે અને તંત્રના અધિકારીઓને આ અંગે રોજબરોજ ઠપકા સાંભળવા પડી રહ્યા છે.

સ્વચ્છતાના સર્વેક્ષણ માટે કેન્દ્રની ટીમ પણ આગામી માસના પ્રારંભે આવી રહી હોવાથી તંત્ર દ્વારા હવે શહેરની સપાઈને અગ્રતા આપવા માટેનો વિકલ્પ રહેતો નથી. તંત્ર પાસે સાધનોની ઉપલબ્ધિ પછી પણ નિકાલની વ્યવસ્થામાં જે ગરબડો જોવા મળી રહી છે તેનાથી સરકારના ઉચ્ચ સત્તાધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.